| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | ૧૦ | ૦૮ | ૨૦૧૮ |
| દાખલ તારીખ : | ૧૦ | ૦૮ | ૨૦૧૮ |
| ફેસલ તારીખ : | ૦૭ | ૧૦ | ૨૦૨૩ |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦ ૫ | ૦૧ | ૨૭ |

**મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલતનાં પ્રમુખ અધિકારીશ્રી એ.એમ.શેખ સાહેબ સમક્ષ મુ. અમદાવાદ.**

**રેફરન્સ(ટી) નં.૯૩૦/૨૦૧૮**

**આંક-૧૦**

**પ્રથમ પક્ષકારઃ-** મેનેજરશ્રી એ.એમ.ટી.એસ.
(સામાવાળા) ટ્રાન્સપોર્ટ હાઉસ,જમાલપુર ચાર રસ્તા,
જમાલપુર, અમદાવાદ.

**વિરુદ્ધ**

**બીજા પક્ષકારઃઃ-** હસમુખભાઈ કનુભાઈ વાઘેલા
(અરજદાર) રૂમ નં. ૮૩૩, શકિતનગર સોસાયટી,
ગામ- વલાદ, તા.જી. ગાંધીનગર.
**૮/૦. અખિલ ગુજરાત જનરલ મઝદુર સંઘ**
રજો માળ, અરબ ચેમ્બર્સ,
પથ્થર કુવા પેટ્રોલ પંપ સામે,
રીલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.

---

પ્રતિનિધિઓઃ-
પ્રથમ પક્ષકાર તરફેઃ-વિ વ. શ્રી જે.ડી.ચાલીસહજાર
બીજા પક્ષકાર તરફેઃ-વિ.પ્રતિનિધિ શ્રી એચ.એમ.સંઘારીયાત

---

## -: એ વો ર્ડ :-

(૧) હાલનાં રેફરન્સનાં કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે "**સામાવાળા**" અને "**અરજદાર**" તરીકે સંબોધવામાં આવેલા છે.

(૨) આ કામનાં અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા મદદનીશ શ્રમ આયુક્તશ્રી, અમદાવાદ સમક્ષ વિવાદ ઉત્પન્ન કરેલ અને તે કાર્યવાહીમાં સમાધાન નહીં થતાં સદરહુ વિવાદ મદદનીશ શ્રમ આયુક્ત, અમદાવાદનાં હુકમ

ક્રમાંકઃ નાશ્રઆ/અવિ/ વિ–૨ આઈ.ડી.આર /૨૦૧૭/૧૫૩/૧૮/૨૦૪૮૨ તા.૮/૮/૨૦૧૮ ના પત્રથી અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય અર્થે સુપરત કરેલ, જેની અનુસૂચિ નીચે મુજબ છે.

**શ્રી હસમુખભાઈ કનુભાઈ વાઘેલા**,રૂમ નં. ૮૩૩, શકિતનગર સોસાયટી, ગામ– વલાદ, તા.જી. ગાંધીનગર ને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોનાં પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ?

(૩) આ કામના પક્ષકારોને આંક–૪ થી નોટીસ કરતાં અરજદારે તેમના પ્રતિનીધીશ્રી મારફતે હાજર થઈ આંક– ૬ થી તેમનું માંગણાનું નિવેદન રજુ કરેલ છે.ત્યારબાદ સામાવાળાએ વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર થઈ માંગણાના નિવેદનનો લેખિત જવાબ આંક– ૭ થી રજુ કરેલ છે.ત્યાર બાદ અરજદારને પુરાવો રજુ કરવા માટે અનેક મુદતો આપવા છતાં અરજદારે હાજર રહી કોઈ પુરાવો રજુ ન કરતા સામાવાળાની આંક– ૮ ની અરજી અન્વયે અરજદારનો પુરાવો રજુ કરવાનો હકક બંધ કરેલ છે. ત્યારબાદ આંક– ૯ થી સામાવાળા તરફે પુરશીશ આપી જાહેર કરેલ છે કે અરજદાર તરફે પુરાવા રજુ કરવાનો હકક બંધ કરેલ હોય તે સંજોગોમાં સામાવાળા તરફે કોઈ મૌખીક પુરાવા રજુ કરવાના રહેતાં નથી. ત્યારબાદ દલીલના તબકકે અરજદાર કે તેમના પ્રતિનીધી હાજર રહેલા નહી જેથી અરજદારની દલીલનો હકક બંધ કરી સામાવાળાની દલીલ સાંભળી. આમ, અરજદારના પ્રતિનીધીશ્રીને અનેક વખત અરજદારને હાજર રાખવા અને પુરાવા રજુ કરવાની પૂરતી તક આપવા છતાં તેઓએ અરજદારને હાજર રાખેલ નથી કે કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ,અરજદારને પૂરતી તક આપવા છતા કોઈ પુરાવો રજુ કરેલ ન હોય અરજદારને આ કેસ આગળ ચલાવવા કોઈ રસ ન હોવાનું જણાતું હોઈ તે સંજોગોમાં હાલનો રેફરન્સ કેસ અરજદારની ગેરહાજરી અને પુરાવાના અભાવે નામંજૂર યાને રદ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**તારીખઃ૦૭–૧૦–૨૦૨૩**
**સ્થળઃ અમદાવાદ.**

**(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**CODE : GJ01031**
**પ્રિસાઈડીંગ ઓફીસર,**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

**ARPITA PATEL (P.A)**